BAOU
Education for All

DR. BABASAHEB AMBEDKAR
# OPEN UNIVERSITY
(Established by Government of Gujarat)

NAAC ACCREDITED A++ GRADE 3.55/4

# BACHELOR OF EDUCATION
## B. Ed. (ODL)

## માહિતી માર્ગદર્શન પુસ્તિકા- ૨૦૨૫



તમે દૂરવર્તી શિક્ષણના વિદ્યાર્થી બનવા જઈ રહ્યા છો તો સંબંધિત વાંચનસામગ્રી વાંચવાની આદત કેળવો અને દૂરવર્તી શિક્ષણની આ યાત્રાની શરૂઆત આ માહિતી-માર્ગદર્શન પુસ્તિકાથી કરો.

# બી.એડ્. પ્રવેશ 2024-25 અંદાજિત કાર્યક્રમ

(**Update** માટે યુનિવર્સિટીની વેબસાઈટ જોતાં રહેવું)

| તારીખ, વાર | વિગત |
|---|---|
| 16/11/2024 | GCAS રજીસ્ટ્રેશન શરૂ |
| 19/11/2024 | BAOU પોર્ટલ પર ફોર્મ શરૂ |
| 20/12/2024 | GCAS રજીસ્ટ્રેશનની અંતિમ તારીખ |
| 22/12/2024 | BAOU પોર્ટલ પર ઓનલાઈન ફોર્મ ભરવાની અંતિમ તારીખ |
| 26/12/2024 | હાર્ડ કોપીમાં યુનિવર્સિટી કાર્યાલય ખાતે ફોર્મ સ્વીકારવાની અંતિમ તારીખ |
| 05/01/2025 | બી.એડ્. પ્રવેશ પરીક્ષા - **Offline/Online**<br>(પ્રવેશ પરીક્ષા કેન્દ્રો ઉમેદવારોની સંખ્યા પર આધારિત રહેશે) |

## નોંધ:

- આ સમયપત્રકમાં વિશેષ સંજોગોમાં ફેરફારને અવકાશ છે.
- બી.એડ્. પ્રવેશ પરીક્ષામાં મેરીટમાં/કટ ઑફમાં આવતા ઉમેદવારોએ યુનિવર્સિટીની વેબસાઈટ પરથી કૉલલેટર ડાઉનલોડ કરવાનો રહેશે.
- હાર્ડ કોપીમાં પ્રવેશફોર્મ સ્વીકારવાની છેલ્લી તારીખ **26/12/2024** છે. ભરેલ પ્રવેશફોર્મ રજીસ્ટર પોસ્ટથી કે રૂબરૂ યુનિવર્સિટી કાર્યાલય ખાતે ઉપરોક્ત આપેલ સમયમર્યાદામાં મોકલવાનું રહેશે. પ્રવેશફોર્મની નકલ અમાન્ય ગણાશે.

*"Cultivation of mind should be the ultimate aim of human existence... Life should be great rather than long..."*



भारतरत्न
Dr. Bhimrao Ramji Ambedkar
14 April 1891 - 06 December 1956



# ॥ आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः ॥

## 'ઉત્તમ વિચાર દરેક દિશામાંથી મને પ્રાપ્ત થાઓ'

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના વર્ષ-૧૯૯૪માં ગુજરાત સરકાર દ્વારા ખાસ વિધેયકથી કરવામાં આવી. સ્થાપનાકાળથી આજ સુધીની અઢી દાયકાથી વધારે એવી વિકાસયાત્રાના અનેકવિધ પડાવો આવ્યા. તાજેતરમાં પ્રથમ વખત નેક એક્રેડિટેશન-મૂલ્યાંકનની કસોટીમાંથી પાર ઉતરવાનો અમે મક્કમ નિર્ધાર કર્યો. છેલ્લા ત્રણ વર્ષની એકધારી મહેનત અને પરિણામલક્ષી કામગીરીનું ઉત્કૃષ્ટ ફળ પ્રાપ્ત થયું. સમગ્ર દેશની સ્ટેટ ઓપન યુનિવર્સિટીમાં A++ ગ્રેડ મેળવનાર પ્રથમ યુનિવર્સિટીનું બહુમાન પ્રાપ્ત થવાની સાથે સમગ્ર ગુજરાત રાજ્યમાં પણ A++ ગ્રેડ પ્રાપ્ત કરનાર એકમાત્ર સ્ટેટ યુનિવર્સિટીની યશકલગીનું ઉમેરણ યુનિવર્સિટી પરિવારના હર્ષમાં વધારો કરનારી ઐતિહાસિક ઘટના છે. રાજ્ય સરકાર તથા શિક્ષણ વિભાગની અભિનંદનવર્ષાની સાથે રાજ્યની દરેક યુનિવર્સિટીએ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની આ સિદ્ધિને બિરદાવી છે તેની આભારપૂર્વક નોંધ લઈએ છીએ.

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવીને શૈક્ષણિક કારકિર્દી સુનિશ્ચિત કરવાના આપના સંકલ્પનું અભિવાદન કરીએ છીએ. અમદાવાદ સ્થિત જ્યોતિર્મય-મુખ્ય મથક અને રાજ્યવ્યાપી અઢીસો ઉપરાંત અભ્યાસકેન્દ્રોમાં વિસ્તરેલી આપણી યુનિવર્સિટીના બહુઆયામી પ્રવૃત્તિક્ષેત્રનું કાર્યવિભાજન વિદ્યાર્થીઓની સરળતામાં અવિરત વધારો કરનારું બની રહે એવી અમારી પ્રાથમિકતા છે. સુરત, રાજકોટ, ભૂજ, ભાવનગર, પાટણ, ગોધરા જેવા પ્રાદેશિક કેન્દ્રોમાં ઉપલબ્ધ સેવાઓ, રાજ્યના દરેક ખૂણે પથરાયેલા વિદ્યાર્થીઓ સાથે સેતુ નિર્માણમાં સહાયક બને છે.

એકવીસમી સદી જ્ઞાનની સદી છે. માનનીય પ્રધાનમંત્રીશ્રીના દૃષ્ટિ સંપન્ન નેતૃત્વના પરિણામ સ્વરૂપે પ્રાપ્ત થયેલી નવી શિક્ષણનીતિ-૨૦૨૦ ને લાગુ કરવાની દિશામાં આરંભથી અગ્રેસર એવી આ યુનિવર્સિટીએ રાષ્ટ્રીયકક્ષાના પરિસંવાદમાં ચિંતન-મંથન અને પ્રયોગની દિશામાં અમલીકરણ કરીને નોંધપાત્ર પ્રગતિ મેળવી છે. માતૃભાષાનું મહત્ત્વ, અસરકારક અંગ્રેજી શિક્ષણ, કૌશલ્યવર્ધન અભ્યાસક્રમો, ક્રેડિટ ટ્રાન્સફર ઉપરાંત ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહન આપવાના પ્રકલ્પો આપણી સક્રિયતાના કેન્દ્રમાં છે. 'શિક્ષણ સૌને માટે' એ આપણો ધ્યેયમંત્ર છે. 'સ્વાધ્યાય પરમં તપઃ' આપણું ધ્યાનસૂત્ર છે. બંને સૂત્રોને સાર્થક પરિણામ સુધી લઈ જવાના **Team BAOU**ના સહિયારા પ્રાયસનું વિવિધ ઉપક્રમોમાં અભિવાદન થયું છે જેની નમ્રતાપૂર્વક નોંધ લઈએ છીએ. તાજેતરમાં સુરત, ભાવનગર, ભૂજ અને પાલનપુર જેવા મહત્ત્વના શહેરોમાં અભ્યાસકેન્દ્રની સ્થાપના માટે અલાયદા ભવનનિર્માણ માટે સરકારે જમીન ફાળવી એ આપણા ઉત્સાહમાં વધારો કરનારી ઘટના છે.

મહિલા સશક્તિકરણ માટેની વિવિધ પ્રવૃત્તિઓ, ટ્રાન્સજેન્ડર માટે ઉચ્ચ શિક્ષણની તકો, જેલના કેદીઓ તથા શહીદવીરની જીવનસંગિની તેમજ તેમના સંતાનો માટે નિઃશુલ્ક શિક્ષણ, સંશોધન પુરસ્કાર-પ્રોત્સાહન અને ડે-કેર સેન્ટર તથા હેલ્થ ચેકઅપની સુવિધાથી સજ્જ મુખ્ય મથક આગામી વર્ષોમાં આપની મુલાકાતનું પ્રથમ સ્થાન બની રહે એની અમે કાળજી રાખીશું. વિદ્વાન અધ્યાપકો દ્વારા તૈયાર થયેલી અભ્યાસસામગ્રી, વિડિયો લેક્ચર્સની વિશાળ શ્રેણી અને તનાવમુક્ત શિક્ષણની દૂરવર્તી શિક્ષણ પદ્ધતિના દ્વારે આપનું સ્વાગત છે.

શુભેચ્છાઓ

ભાવપૂર્વક

કુલપતિ,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
અમદાવાદ

# યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...

# અનુક્રમણિકા


## ૧. આપણી યુનિવર્સિટી

- ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના
- મુદ્રા-ધ્યાનમંત્ર : અર્થબોધ
- યુનિવર્સિટીના ઉદ્દેશો
- યુનિવર્સિટીની વિશિષ્ટતાઓ
- લક્ષ્યાંકિત જનસમૂહો
- સંસ્થાકીય વહીવટી માળખું
- વિદ્યાર્થી સહાય વ્યવસ્થા

## ૨. બેચલર ઓફ એજ્યુકેશન (ODL)(બી.એડ્.) પ્રોગ્રામ

૨.૧ બી.એડ્. (ODL) પ્રવેશના નિયમો

૨.૨ પ્રવેશ પરીક્ષાની માહિતી

૨.૩ B.Ed. Online ફોર્મ ભરવા માટેની સામાન્ય સૂચનાઓ

૨.૪ બી.એડ્. અભ્યાસકેન્દ્રો

# 1 આપણી યુનિવર્સિટી



## ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના

ગુજરાત રાજ્ય સરકાર દ્વારા દૂરદર્શિતા દાખવીને વર્ષ 1994માં રાજ્યનાં શૈક્ષણિક માળખામાં ઓપન યુનિવર્સિટી અને દૂરવર્તી શિક્ષણને શરૂ કરવા અને આગળ વધારવાના હેતુથી ગુજરાત રાજ્યમાં ઓપન યુનિવર્સિટી સ્થાપવાનો અધિનિયમ(ACT)- 'ગુજરાત એક્ટ નં.14' વિધાનસભામાં પસાર કરીને ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી. યુનિવર્સિટીની સ્થાપના દિ.13 એપ્રિલ 1994ના રોજ થઈ.

## મુદ્રા - ધ્યાનમંત્ર : અર્થબોધ

મુદ્રાનું **વર્તુળાકાર** સ્વરૂપ બીજ, ગર્ભાશય અથવા સૂર્યનું પ્રતીક છે; જેમાંથી સર્જનની શરૂઆત થાય છે. સમગ્ર ભાર સ્રોત-સ્વ- ઉપર છે.

**સમગ્ર મુદ્રામાં** એક પ્રકારની બદ્ધતા જોવા મળે છે, પણ સાથે સાથે એ જ્ઞાનપ્રાપ્તિ માટે ખુલ્લી જગ્યા ધરાવે છે. મુદ્રામાં રહેલી પ્રવાહિતા 'પરિવર્તનશીલતા' અને વિસ્તૃત વ્યાપ દર્શાવે છે; જે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના લક્ષણો છે.

**'સ્વાધ્યાયઃ પરમં તપઃ'** - 'સ્વઅધ્યયન એ સર્વોચ્ચ તપ છે' એ મુદ્રાદર્શનનો આધાર છે. આપણી પાસે રહેલાં સાધનો અને આંતરિક શક્તિઓને જીવનમાં પ્રગતિ કરવા અને ઉમદા ધ્યેયો સિદ્ધ કરવા બહાર લાવવાનાં છે.

'સ્વાધ્યાયઃ પરમં તપઃ' - 'સ્વઅધ્યયન એ સર્વોચ્ચ તપ છે' અને 'જીવનપંથ ઉજાળ'-બન્ને સૂત્રોમાં એક સહિયારૂં તત્ત્વપ્રકાશ છે; જે **જ્યોત** દ્વારા દર્શાવાય છે. જ્યોત-તપ, પ્રકાશ, ઝંખના, જ્ઞાન અને દર્શનનું પ્રતિનિધિત્વ કરે છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના દ્વાર શિક્ષણ મેળવવા ઈચ્છુક પ્રત્યેક વ્યક્તિ માટે ખુલ્લા છે. સ્થળ, સમય અને વયની મર્યાદાઓથી મુક્ત એવા આ વિદ્યાધામમાં પ્રત્યેક વ્યક્તિ શિક્ષણ મેળવી શકે છે અને 'Education for All' સૂત્રનું વાસ્તવમાં પરિપાલન થાય છે.આ સૂત્ર યુનિવર્સિટીની મુદ્રા સાથે યથાયોગ્ય સ્થાન પામ્યું છે.

## યુનિવર્સિટીના ઉદ્દેશો:

- અત્યાધુનિક સંચારમાધ્યમો, માહિતી પ્રસારણ તથા જ્ઞાનસંપાદનની અનેકવિધ શક્યતાઓને ઉચ્ચશિક્ષણ ક્ષેત્રે લાગુ કરી વ્યાપક જનસમાજના બૌદ્ધિક, સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક ઉત્કર્ષ માટે સક્રિયતાપૂર્વક પ્રયાસ કરવો.
- રાજ્યની વસ્તીના દરેક વર્ગને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત કરવાની સમાન તકો પૂરી પાડવી.
- સમાજના શૈક્ષણિક ઉત્કર્ષને પ્રાથમિકતા આપવી.
- રાજ્યના શૈક્ષણિક માળખામાં ઓપન યુનિવર્સિટી અને દૂરવર્તી શિક્ષણપદ્ધતિને પ્રોત્સાહિત કરવી.

## યુનિવર્સિટીની વિશિષ્ટતાઓ:

ગુજરાત રાજ્ય સરકારશ્રી દ્વારા વર્ષ 1994થી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદની સ્થાપના કરવામાં આવેલ છે. આ યુનિવર્સિટીમાં સ્નાતક અને અનુસ્નાતક તથા વિવિધ વ્યવસાયલક્ષી અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે અને વર્ષમાં બે વાર વિવિધ પ્રવેશ/પરીક્ષાની કામગીરી પણ કરવામાં આવે છે. યુનિવર્સિટી દ્વારા દર વર્ષે વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરવામાં આવે છે. રાજ્યની વિવિધ ગ્રાન્ટ-ઈન-એઈડ કોલેજો/સરકારી કોલેજો/અન્ય સંસ્થાઓમાં યુનિવર્સિટીના અભ્યાસકેન્દ્રો ચલાવવામાં આવે છે અને યુનિવર્સિટી દ્વારા માર્ગદર્શન/પરામર્શનની વ્યવસ્થા આ અભ્યાસકેન્દ્રોમાં કરવામાં આવેલ છે.

- ગુણવત્તાયુક્ત ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત કરવા માટે અનુકૂળ સમયે અને ઘેર બેઠાં અભ્યાસ કરવાની સગવડ.
- શહેર કે અંતરિયાળ ગામડામાં રહેતા સૌને સમાન ધોરણવાળું શિક્ષણ.
- જરૂરિયાત આધારિત વ્યવસાયલક્ષી અને ભાવિ કારકિર્દીલક્ષી અભ્યાસક્રમો વિકસાવવાનો અભિગમ.
- નવોન્મેષ સભર અભ્યાસક્રમો વિકસાવવામાં પરિણામલક્ષી અભિગમ
- સ્વ-અધ્યયન માટે ઉચ્ચ ગુણવત્તાવાળી અભ્યાસસામગ્રી.
- વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક, વહીવટી તેમજ માહિતી વિષયક સહાય માટે ‘વિદ્યાર્થી સહાય સેવાઓ’ અંતર્ગત રાજ્યવ્યાપી અભ્યાસકેન્દ્રોનું નેટવર્ક.
- વિદ્યાર્થીઓને પોતાની ગતિએ અને અનુકૂળતાએ અભ્યાસક્રમપૂર્ણ કરવાની પરિવર્તનક્ષમ સુવિધા.
- દેશની અન્ય ઓપન યુનિવર્સિટીઓ સાથેનાં જોડાણોને લીધે રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય જ્ઞાન સરળ ગુજરાતી માધ્યમમાં ઉપલબ્ધ કરવાની સગવડ.
- જીવંત ‘ફોન ઈન રેડિયો કાઉન્સેલિંગ’ તથા ‘સૅટેલાઈટ ઓપન ઍન્ડ ડિસ્ટન્સ લર્નિંગ’ દ્વારા પરામર્શનની વ્યવસ્થા.
- અત્યાધુનિક “સ્ટેટ ઑફ ધ આર્ટ” ચૈતન્ય સ્ટુડિયો દ્વારા ગુણવત્તાયુક્ત શ્રાવ્ય તથા દ્રશ્ય-શ્રાવ્ય શૈક્ષણિક સામગ્રીનું નિર્માણ તથા ઈન્ટરનેટની મદદથી “સ્વાધ્યાય રેડિયો” અને “સ્વાધ્યાય ટેલિવિઝન”નાં માધ્યમથી પ્રસારિત આ શૈક્ષણિક સામગ્રી અને અન્ય ઉપયોગી માહિતી મોબાઈલ, ટેબલેટ, લેપ-ટોપ કે ડેસ્ક ટોપ દ્વારા કોઈપણ સમય અને કોઈપણ સ્થળે મેળવવાની સુવિધા.
- સામાન્ય વ્યક્તિને તથા વિદ્યાર્થીને યુનિવર્સિટી વિષયક પ્રવેશ, પરીક્ષા આવશ્યક તમામ માહિતી પૂરી પાડતી સતત અપડેટ થતી વેબસાઈટ.
- 10+2 ઉત્તીર્ણ થયેલ કોઈપણ વિદ્યાશાખાનો વિદ્યાર્થી યુનિવર્સિટીના કોઈપણ સ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ લઈ શકે છે.
- વિદ્યાર્થીને અભ્યાસ-સંપૂટ, ગુણપત્રક તથા પ્રમાણપત્ર પોતાના સરનામે મળી રહે તેવી યુનિવર્સિટી દ્વારા વ્યવસ્થા કરવામાં આવી છે.

## લક્ષ્યાંકિત જનસમૂહો

- ધોરણ 10+2 પાસ થયેલ કોઈપણ વિદ્યાશાખાના વિદ્યાર્થીઓનો વિશાળ સમૂહ
- યુનિવર્સિટીમાં બાહ્ય રીતે શિક્ષણ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓનો સમુદાય
- પરંપરાગત યુનિવર્સિટીમાં નિયમિત કે એક્સટર્નલ અભ્યાસ કરતાં કરતાં સમાંતર રીતે પ્રમાણપત્ર કે ડિપ્લોમા અભ્યાસક્રમનું શિક્ષણ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ
- ધોરણ 12માં ઉત્તીર્ણ થઈને દૂરવર્તી પદ્ધતિથી વાણિજ્ય કે વિનયન શાખામાં ડિપ્લોમા કે સ્નાતક કક્ષાનો અભ્યાસ કરવા ઈચ્છતા વિદ્યાર્થીઓ
- તકના અભાવે કે આર્થિક, સામાજિક સંજોગોના કારણે જેમનો અભ્યાસ અધૂરો રહી ગયો હોય તેમને ઘરે બેઠાં અભ્યાસ કરવાની અનુકૂળતા
- શ્રમજીવીઓ અને ગૃહિણીઓનો એક વર્ગ પોતાની શૈક્ષણિક લાયકાતમાં અભિવૃદ્ધિ કરવા ઈચ્છે છે તેમને સમયની અનુકૂળતા મુજબ અભ્યાસની વ્યવસ્થા
- નોકરી-વ્યવસાયમાં પ્રવૃત્ત કે અંતરિયાળ ગ્રામવિસ્તારના ઉચ્ચશિક્ષણથી વંચિત જનસમુદાય માટે અભ્યાસની તક.
- જેલમાં સજા ભોગવતા કેદીઓ માટે અભ્યાસની તક

## સંસ્થાકીય વહીવટી માળખું

ગુજરાત રાજ્યના માનનીય રાજ્યપાલશ્રી યુનિવર્સિટીના કુલાધિપતિ છે. કુલપતિશ્રી, નિયામકશ્રીઓ, કુલસચિવશ્રી અને નાણાંઅધિકારીશ્રી યુનિવર્સિટીના અધિકારીઓ છે. બોર્ડ ઑફ મૅનેજમેન્ટ, એકૅડેમિક પ્લાનિંગ બોર્ડ અને નાણાં સમિતિ યુનિવર્સિટીનાં સત્તામંડળો છે. વિવિધ વિષયોની અભ્યાસ-સામગ્રીનાં આયોજન, વિકાસ અને સંશોધન માટે શૈક્ષણિક વિભાગ છે. જ્યારે પ્રવેશ, સામગ્રી વિતરણ, પ્રાદેશિક સેવાઓ અને મૂલ્યાંકન માટે વિદ્યાર્થી સેવા-વિભાગ કાર્યરત છે.

## વિદ્યાર્થી સહાય વ્યવસ્થા

વિદ્યાર્થી સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીનો યથાર્થ ઉપયોગ કરી શકે અને જે તે પાઠયક્રમના અભ્યાસમાં ઉદ્ભવતી મુશ્કેલીઓનું નિવારણ થઈ શકે તે માટે તથા અનુભવી પરામર્શક દ્વારા શૈક્ષણિક સહાય તથા માર્ગદર્શન માટે રાજ્યના જુદાં જુદાં સ્થળે ફાળવવામાં આવેલા અભ્યાસકેન્દ્રોમાં સુયોગ્ય વ્યવસ્થા છે. દરેક વિદ્યાર્થી પોતાને નજીક તથા અનુકૂળ અભ્યાસકેન્દ્ર પસંદ કરી શકે છે. આ ઉપરાંત વિદ્યાર્થીને વહીવટી બાબતો અંગેની સહાય માટે યુનિવર્સિટીમાં વિદ્યાર્થી સહાય સેવાઓ અંતર્ગત સંબંધિત પ્રાદેશિક વિભાગનો પ્રત્યક્ષ કે પત્ર/ઈ-મેઈલ દ્વારા સંપર્ક કરવાની વ્યવસ્થા છે.

## વર્ગાંકન પ્રણાલી (Credit system)

બી.એડ્. બી.એડ્. અભ્યાસક્રમમાં 30 કલાકની અધ્યયન પ્રવૃત્તિની એક ક્રેડિટ હોય છે. ઉદાહરણ તરીકે ચાર ક્રેડિટ ધરાવતા અભ્યાસક્રમને 120 કલાક ફાળવવામાં આવે છે. અભ્યાસક્રમનો ભારાંક ક્રેડિટ ગુણની પરિભાષામાં દર્શાવવામાં આવે છે. આનાથી અધ્યેતાને જે તે અભ્યાસક્રમમાં કેટલા વિદ્યાકીય કામ કરવા પડશે તે સમજવામાં મદદ મળે છે. અભ્યાસ દરમ્યાન સ્વાધ્યાયો પૂર્ણ કરવા, સત્રાંત પરીક્ષામાં અભ્યાસક્રમના બધા વિષયો અને પ્રાયોગિક કાર્યો જાગૃતિપૂર્વક પૂરા કરવા જરૂરી છે.

- **યુનિવર્સિટીના સેલ અને સમિતિઓ માટે www.baou.edu.in વેબસાઈટ જોવી.**

# 2 બેચલર ઑફ એજ્યુકેશન (ODL) (બી. એડ્.) પ્રોગ્રામ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદનો બી.એડ્.નો અભ્યાસક્રમ પ્રાથમિક અને માધ્યમિક શાળા કક્ષાએ સેવારત શિક્ષકોના અસરકારક અધ્યયન-અધ્યાપનની પ્રક્રિયા માટે તેમને આવશ્યક એવાં કૌશલ્યો અને ક્ષમતાઓ વિકસાવવાનો ધ્યેય ધરાવે છે. પ્રસ્તુત અભ્યાસક્રમ શિક્ષકો સાથે તેમના અનુભવોના આદાન-પ્રદાનની તકો પૂરી પાડે છે. શાળાઓમાં સેવારત શિક્ષકોને વિદ્યાર્થીઓની જરૂરિયાતો પ્રમાણે તેમના અધ્યયન અનુભવો પસંદ કરવા માટે અને આયોજિત કરવા માટે પ્રોત્સાહિત કરે છે. તદ્ઉપરાંત, શૈક્ષણિક મૂલ્યાંકન અને શાળા પ્રબંધ જેવાં ક્ષેત્રોમાં તેમના જ્ઞાનમાં વૃદ્ધિ કરે છે અને તે અંગેની યોગ્ય સમજ કેળવે છે.

## અભ્યાસક્રમના ઉદ્દેશો :

**સેવારત શિક્ષકો આ અભ્યાસક્રમ દ્વારા નીચેના ઉદ્દેશો સિદ્ધ કરી શકશે.**

1) સેવારત શિક્ષકોમાં અનુભવોનું આકલન અને વ્યવસાયિક કૌશલ્યોનો વિકાસ કરવો.
2) વિવિધ શૈક્ષણિક પદ્ધતિઓ અને માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓના અધ્યયન અનુભવોને આયોજિત કરવાના અભિગમો અંગે મેળવેલું જ્ઞાન અને સમજ કેળવવી.
3) અધ્યયન અનુભવોની પસંદગી કરવા અને તેમને સંકલિત કરવાનાં કૌશલ્યોનો વિકાસ કરવો.
4) અધ્યયન પ્રક્રિયાનું સ્વરૂપ સમજવું.
5) અધ્યેતાઓની વિદ્યાકીય અને અંગત સમસ્યાઓ હલ કરવાનાં કૌશલ્યો કેળવવા.
6) મૂલ્યાંકનની વિવિધ પ્રક્રિયાઓ અને પ્રવિધિઓ ઉપરાંત તેમના વર્ગખંડમાં ઉપયોજન અંગેનાં જ્ઞાન અને સમજ કેળવવા.
7) મૂલ્યાંકનનાં ઉપકરણો (સાધનો)ની પસંદગી, નિર્માણ અને ઉપયોગ અંગેનાં કૌશલ્યો કેળવવા.
8) શાળાપ્રબંધનાં વિવિધ પાસાઓ અંગે જાણકારી મેળવી તે અંગેની સમજ વિકસાવવી.
9) વિવિધ પ્રકારની અધ્યાપન અને સહાયક સેવાઓ આયોજિત કરવા અંગેની ક્ષમતાઓનો વિકાસ કરવો.
10) પ્રવર્તમાન સામાજિક-સાંસ્કૃતિક તેમજ રાજકીય પ્રણાલીઓમાં સામાન્ય રીતે અને શૈક્ષણિક પ્રણાલીમાં વિશિષ્ટ રીતે શિક્ષણની ભૂમિકાની કદર યોગ્યતા વિકસાવવી.

## અભ્યાસક્રમનું માળખું :

બી.એડ્.ના સમગ્ર અભ્યાસક્રમમાં સૈદ્ધાંતિક અને પ્રાયોગિક અભ્યાસક્રમનો સમાવેશ કરવામાં આવ્યો છે. ઉદાહરણો અને પ્રાસંગિક પ્રસ્તુત પરિસ્થિતિઓનો અભ્યાસક્રમના પ્રત્યેક વિષયાંગોમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આ બાબતને આવશ્યક રીતે સૈદ્ધાંતિક પાસાઓનો પણ આધાર મળી રહે છે. આ બાબતને ધ્યાનમાં રાખી અભ્યાસક્રમને પાંચ જૂથોમાં વિભાજિત કરવામાં આવ્યો છે.

**સમગ્ર અભ્યાસક્રમ કુલ 72 ક્રેડિટ ધરાવે છે.**

જૂથ **A :** ફરજિયાત પાઠયક્રમ

જૂથ **B :** વિષયવસ્તુ આધારિત પદ્ધતિશાસ્ત્રના પાઠયક્રમો

જૂથ **C :** ફાઉન્ડેશન પાઠ્યક્રમો

જૂથ **D :** વૈકલ્પિક પાઠયક્રમો

જૂથ **E :** પ્રાયોગિક પાઠયક્રમો

# અભ્યાસક્રમ વિવરણ : પ્રથમ વર્ષ

## જૂથ A: ફરજિયાત પાઠ્યક્રમ (Compulsory Paper) (12 ક્રેડિટ = 09 સૈદ્ધાંતિક + 03 પ્રાયોગિક)

શાળાના શિક્ષક તરીકેની વ્યવસાયિક જરૂરિયાત અને અભ્યાસક્રમના વિશાળ હેતુઓને લક્ષમાં લઇને પ્રત્યેકની 04 ક્રેડિટ ધરાવતા 03 પાઠ્યક્રમો નિર્ધારિત કરવામાં આવ્યા છે.

| અનુ.નં. | કોર્સ કોડ | કોર્સ શીર્ષક (વિષયનું નામ) | સૈદ્ધાંતિક+ પ્રાયોગિક |
|---|---|---|---|
| 1. | ES-101 | અધ્યેતા અને વિકાસનું મનોવિજ્ઞાન | 3 + 1 |
| 2. | ES-102 | વર્તમાન ભારતમાં શિક્ષણનાપરિમાણો | 3 + 1 |
| 3. | ES-103 | શિક્ષક પ્રશિક્ષણ | 3 + 1 |

**જૂથ B : વિષયવસ્તુ આધારિત પદ્ધતિશાસ્ત્ર (Method Paper)**(08 ક્રેડિટ = 06 સૈદ્ધાંતિક + 02 પ્રાયોગિક)

શાળાના વિષયોમાં મેળવેલી લાયકાત અને શૈક્ષણિક અનુભવને ધ્યાનમાં લઇને નીચેના શાળાકીય વિષયોમાંથી <u>ગમે તે બે વિષય</u> પસંદ કરી શકશો. આ વિષયવસ્તુમાં ગુજરાત સરકારશ્રીના ધોરણ-6 થી ધોરણ-12ના પ્રવર્તમાન અભ્યાસક્રમનો સમાવેશ થાય છે.

| અનુ.નં. | કોર્સ કોડ | કોર્સ શીર્ષક (વિષયનું નામ) | સૈદ્ધાંતિક+ પ્રાયોગિક |
|---|---|---|---|
| 1 | ES-111 | **વિજ્ઞાન અને ટેકનોલોજીનું અધ્યાપન** | 3 + 1 |
| 2 | ES-112 | **ગણિતનું અધ્યાપન** | 3 + 1 |
| 3 | ES-113 | **સામાજિક વિજ્ઞાનનું અધ્યાપન** | 3 + 1 |
| 4 | ES-114 | **અંગ્રેજીનું અધ્યાપન** | 3 + 1 |
| 5 | ES-115 | **હિન્દીનું અધ્યાપન** | 3 + 1 |
| 6 | ES-116 | **ગુજરાતીનું અધ્યાપન** | 3 + 1 |
| 7 | ES-117 | **સંસ્કૃતનું અધ્યાપન** | 3 + 1 |
| 8 | ES-118 | **વાણિજ્ય વ્યવસ્થાનું અધ્યાપન** | 3 + 1 |
| 9 | ES-119 | **નામાનાં મૂળતત્ત્વોનું અધ્યાપન** | 3 + 1 |
| 10 | ES-120 | **મનોવિજ્ઞાનનું અધ્યાપન** | 3 + 1 |

**જૂથ C : ફાઉન્ડેશન પાઠ્યક્રમ (Foundation Paper) (08 ક્રેડિટ – 06 સૈદ્ધાંતિક + 02 પ્રાયોગિક)**

| અનુ.નં. | કોર્સ કોડ | કોર્સ શીર્ષક (વિષયનું નામ) | સૈદ્ધાંતિક+ પ્રાયોગિક |
|---|---|---|---|
| 1. | ES-121 | ભારતમાં પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણનો વિકાસ | 3 + 1 |
| 2. | ES-131 | શિક્ષણમાં પર્યાવરણ | 3 + 1 |

**જૂથ D : વૈકલ્પિક પાઠ્યક્રમ** (Optional Paper) **(04 ક્રેડીટ-03 સૈદ્ધાંતિક + 01 પ્રાયોગિક)**

સામે પાને આપેલા વિષયોમાંથી ગમે તે એક વિષય પસંદ કરવાનો રહેશે.

| અનુ.નં. | કોર્સ કોડ | કોર્સ શીર્ષક (વિષયનું નામ) | સૈદ્ધાંતિક+ પ્રાયોગિક |
|---|---|---|---|
| 1. | ES-132 | માનવ અધિકારો અને સમુદાય વિકાસ | 3 + 1 |
| 2. | ES-133 | માર્ગદર્શન અને સલાહ | 3 + 1 |
| 3. | ES-134 | વિશિષ્ટ શિક્ષણ (સ્પે.ઍજ્યુકેશન) | 3 + 1 |
| 4. | ES-135 | સમાવેશક શાળા | 3 + 1 |
| 5. | ES-136 | માધ્યમોનો શિક્ષણમાં વિનિયોગ | 3 + 1 |

ઉપરના એ, બી, સી અને ડી જૂથોમાંથી અધ્યેતાએ પસંદ કરેલા વિષયોમાંના પ્રત્યેક વિષયની 04 ક્રેડિટમાંથી 01 ક્રેડિટ પ્રાયોગિક સ્વાધ્યાય માટે ફાળવવામાં આવી છે.

**જૂથ E : પ્રાયોગિકપાઠ્યક્રમ (Practical) (06 ક્રેડિટ પ્રાયોગિકકાર્ય)**

અભ્યાસક્રમના વિષયોની આ શ્રેણીમાં કૌશલ્યના વિકાસ ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. પ્રાયોગિક કાર્ય જે તે સંબંધિત વિષયોના વિષયવસ્તુને અનુલક્ષીને તૈયાર કરવામાં આવ્યો છે. પ્રાયોગિક અનુભવ નીચેના બે પ્રાયોગિક અભ્યાસક્રમોને અનુસરીને આપવામાં આવશે. પ્રાયોગિકકાર્ય ધોરણ-6 થી ધોરણ- 12 માં જ કરવાનું રહેશે.

| અનુ.નં. | કોર્સ કોડ | કોર્સ શીર્ષક (વિષયનું નામ) | પ્રાયોગિક |
|---|---|---|---|
| 1. | ES-141 | વર્કશોપ આધારિત પ્રાયોગિક કાર્ય | 2 |
| 2. | ES-142 | પ્રાયોગિક પાઠ (મુખ્ય વિષય પદ્ધતિ) | 4 |

# અભ્યાસક્રમ વિવરણ : દ્વિતીય વર્ષ

**જૂથ A : ફરજિયાત પાઠ્યક્રમ (Compulsory Paper) (12 ક્રેડિટ = 09 સૈદ્ધાંતિક + 03 પ્રાયોગિક)**

શાળાના શિક્ષક તરીકેની વ્યવસાયિક જરૂરિયાત અને અભ્યાસક્રમના વિશાળ હેતુઓને લક્ષમાં લઇને પ્રત્યેકની 04 ક્રેડિટ ધરાવતા 03 પાઠ્યક્રમો નિર્ધારિત કરવામાં આવ્યા છે.

| અનુ.નં. | કોર્સકોડ | કોર્સશીર્ષક (વિષયનુંનામ) | સૈદ્ધાંતિક+ પ્રાયોગિક |
|---|---|---|---|
| 1. | ES-201 | શૈક્ષણિક પ્રૌદ્યોગિકી અને ICT | 3 + 1 |
| 2. | ES-202 | માપન અને મૂલ્યાંકન | 3 + 1 |
| 3. | ES-203 | અધ્યયન અધ્યાપન સામગ્રી વિકાસ | 3 + 1 |

**જૂથ B : ફાઉન્ડેશન પાઠ્યક્રમ (Foundation Paper) (04 ક્રેડિટ – 03 સૈદ્ધાંતિક + 01 પ્રાયોગિક)**

| અનુ.નં. | કોર્સકોડ | કોર્સશીર્ષક (વિષયનુંનામ) | સૈદ્ધાંતિક+ પ્રાયોગિક |
|---|---|---|---|
| 1. | ES-221 | જીવન કૌશલ્ય માટેનું શિક્ષણ | 3 + 1 |

**જૂથ C : વૈકલ્પિક પાઠ્યક્રમ (Optional Paper) (08 ક્રેડિટ – 06 સૈદ્ધાંતિક + 02 પ્રાયોગિક)**

નીચે આપેલા વિષયોમાંથી ગમે તે બે વિષય પસંદ કરવાના રહેશે.

| અનુ.નં. | કોર્સકોડ | કોર્સ શીર્ષક (વિષયનુંનામ) | સૈદ્ધાંતિક+ પ્રાયોગિક |
|---|---|---|---|
| 1. | ES-231 | *અધિક્ષણ નિરીક્ષણ* | 3 + 1 |
| 2. | ES-232 | સમાજના વિશિષ્ટ વર્ગોનું શિક્ષણ/કન્યા કેળવણી | 3 + 1 |
| 3. | ES-233 | સાહિત્ય દ્વારા શિક્ષણ | 3 + 1 |
| 4. | ES-234 | દૂરવર્તી શિક્ષણ | 3 + 1 |
| 5. | ES-235 | યોગ શિક્ષણ | 3 + 1 |
| 6. | ES-236 | ઈ-લર્નિંગ | 3 + 1 |

**જૂથ D : પ્રાયોગિક પાઠ્યક્રમ (Practical ) (10 ક્રેડિટ પ્રાયોગિકકાર્ય)**

અભ્યાસક્રમના વિષયોની આ શ્રેણીમાં કૌશલ્યના વિકાસ ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. પ્રાયોગિક કાર્ય જે તે સંબંધિત વિષયોના વિષય વસ્તુને અનુલક્ષીને તૈયાર કરવામાં આવ્યો છે.

પ્રાયોગિક અનુભવ નીચેના ત્રણ પ્રાયોગિક અભ્યાસક્રમોને અનુસરીને આપવામાં આવશે. પ્રાયોગિક કાર્ય ધોરણ 9 થી ધોરણ 12માં જ કરવાનું રહેશે.

| અનુ.નં. | કોર્સ કોડ | કોર્સ શીર્ષક (વિષયનું નામ) | પ્રાયોગિક |
|---|---|---|---|
| 1. | ES-241 | વર્કશોપ આધારિત પ્રાયોગિક કાર્ય | 2 |
| 2. | ES-242 | પ્રાયોગિક પાઠ (ગૌણ વિષય પદ્ધતિ) | 4 |
| 3. | ES-243 | શાળા આધારિત પ્રાયોગિક કાર્ય | 4 |

### શિક્ષણ પદ્ધતિ :

બી.એડ્.ના અભ્યાસક્રમ અંતર્ગત બહુમાધ્યમ અભિગમનો સ્વીકાર કરવામાં આવ્યો છે. અર્થાત્ સ્વ-અધ્યયન મુદ્રિત સામગ્રી, દશ્ય-શ્રાવ્ય સાધનો, સ્વાધ્યાયપત્રો, માર્ગદર્શન-સલાહ સત્રો અને શાળા તેમજ વર્કશોપમાં પ્રાયોગિક કાર્યનો સમાવેશ કરવામાં આવ્યો છે.

### મુદ્રિત સામગ્રી :

મુદ્રિત સામગ્રીમાં અભ્યાસક્રમના સૈદ્ધાંતિક અને પ્રાયોગિક ઘટકોનો સમાવેશ થાય છે. તે વિવિધ વિભાગો (ખંડ)ના સ્વરૂપે આપવામાં આવે છે. દરેક વિભાગ (બ્લોક)માં 4 થી 5 જેટલા એકમોનો સમાવેશ કરવામાં આવે છે. યુનિવર્સિટી દ્વારા અભ્યાસ સામગ્રી અને સ્વાધ્યાયો નક્કી કરેલા અભ્યાસકેન્દ્રો પર પહોંચાડવામાં આવે છે. આ અભ્યાસ સામગ્રી પ્રવેશાર્થીઓએ પ્રવેશ સમયે મેળવવાની રહેશે. *જો પ્રવેશાર્થી તે અભ્યાસસામગ્રી કોઈપણ કારણોસર મેળવશે નહીં તો તેને માટે યુનિવર્સિટી જવાબદાર રહેશે નહિ.*

**નોંધ :** *જે વિદ્યાર્થીઓ અભ્યાસસામગ્રી માટે સોફ્ટ કોપી (પુસ્તક વિના)નો વિકલ્પ પસંદ કરશે તેઓને અભ્યાસક્રમની ફીમાંથી 5% ટકા ડિસ્કાઉન્ટ આપવામાં આવશે જ્યારે જેઓ હાર્ડ કોપી (પુસ્તક સાથે)નો વિકલ્પ પસંદ કરશે તેઓએ નિયત કરેલ પૂરેપૂરી ફી ભરવાની રહેશે.*

### સ્વાધ્યાયકાર્ય :

*સ્વાધ્યાયકાર્ય એ શિક્ષણ પદ્ધતિના અંતર્ગત ફરજિયાત ઘટકો છે. દરેક સૈદ્ધાંતિક પાઠ્યક્રમમાં કુલ બે વર્ષ દરમ્યાન પ્રશિક્ષણાર્થીએ પ્રથમ વર્ષમાં ૮ વિષય અને દ્વિતીય વર્ષમાં ૬ વિષયોનું અધ્યયન કરવાનું રહેશે. વિષયદીઠ બે સ્વાધ્યાયકાર્યો તૈયાર કરવાના રહેશે. જેમાં બંને સ્વાધ્યાયકાર્યમાં પ્રશ્ન-૧માં પ્રયોગાભિમુખ સ્વાધ્યાયકાર્ય તથા પ્રશ્ન-૨ અને પ્રશ્ન ૩માં થીયરી પ્રકારના સ્વાધ્યાયકાર્ય આપેલ સમયમર્યાદામાં પૂર્ણ કરી અભ્યાસકેન્દ્ર પર જમા કરાવવાના રહેશે.*

*સ્વાધ્યાયકાર્ય તૈયાર કરાવવાનો આશય પાઠ્યક્રમોના સૈદ્ધાંતિક અધ્યયનને પ્રયોગાત્મક પરિસ્થિતિઓમાં બદલવાની આપની ક્ષમતાની ચકાસણી કરવાનો છે. આમ, સ્વાધ્યાયકાર્ય એ પ્રાયોગિક સ્વરૂપના હોય છે. તેમના ઉત્તરો શિક્ષક તરીકેની આપની નિર્ણયશક્તિ અને અનુભવ પર આધારિત છે. આપે પાઠ્યસામગ્રીમાંથી નકલ કરવી જોઈએ નહીં પરંતુ ઉત્તરો મૌલિક ભાષામાં લખવા અને તમારા વિચારોનું તેમાં પ્રતિબિંબ પડવું જોઈએ. સ્વાધ્યાયકાર્ય લખતી વખતે બાહ્ય વાચન સામગ્રીનો કે સંદર્ભ પુસ્તકોનો પણ આપ ઉપયોગ કરી શકો છો અને જો બાહ્ય વાચન સામગ્રી ન મેળવી શકો તો પાઠ્યસામગ્રીઓના જ્ઞાનને તમારા વાસ્તવિક વ્યક્તિગત અનુભવો સાથે સાંકળી શકાય કે જેથી આપને માર્ગદર્શન મળી રહે. સૈદ્ધાંતિક પાઠ્યક્રમના અંતિમ મૂલ્યાંકનમાં સ્વાધ્યાયકાર્યનો ભારાંક ૩૦% જેટલો છે. પાઠ્યક્રમ માટેની સત્રાંત પરીક્ષામાં બેસવા માટે સંબંધિત જે-તે સ્વાધ્યાયકાર્ય લખીને સુપ્રત કરવા તેવી પૂર્વ શરત છે.*

## સ્વાધ્યાય કાર્યોના નિયમો :

- યુનિવર્સિટી દ્વારા ચલાવવામાં આવતાં સ્નાતક અભ્યાસક્રમોમાં સતત મૂલ્યાંકન માટે નિયત કરેલ સ્વાધ્યાયકાર્ય જમા કરાવવાના હોય છે.
- સામાન્ય રીતે પ્રશિક્ષણાર્થીએ પાઠ્યક્રમદીઠ બે સૈદ્ધાંતિક અને એક પ્રાયોગિક સ્વાધ્યાયકાર્યો Tutor Marked Assignment (TMA) તૈયાર કરવાના રહેશે.
- જે તે અભ્યાસક્રમના વિદ્યાર્થીએ Tutor Marked Assignment (TMA) સ્વાધ્યાયકાર્યોની એક નકલ પોતાની પાસે રાખી મૂળ નકલ નિયત સમયમર્યાદામાં અભ્યાસકેન્દ્ર ખાતે જમા કરાવવા. તેમજ મૂલ્યાંકન થયેલ સ્વાધ્યાયકાર્યો અભ્યાસકેન્દ્ર પરથી પરત મેળવી લેવાના રહેશે.
- દરેક સ્વાધ્યાયકાર્યોમાં પાસ થવું ફરજિયાત છે. સ્વાધ્યાયકાર્યમાં નાપાસ થયેલ પ્રશિક્ષણાર્થીએ જે-તે વિષયના સ્વાધ્યાયકાર્યમાં નાપાસ થયેલ વિદ્યાર્થીએ જે-તે વિષયના સ્વાધ્યાયકાર્ય ફરીથી લખવાના છે.
- દરેક સ્વાધ્યાયકાર્યો અલગ-અલગ ફુલસ્કેપ બુકમાં તૈયાર કરવા જરૂરી છે.
- દરેક સ્વાધ્યાયકાર્યમાં જવાબ સાથે પ્રશ્ન નંબર લખવો જરૂરી છે.

- ❒ સ્વાધ્યાયકાર્યમાં આપેલ સૂચના મુજબ સ્વાધ્યાયકાર્યોના જવાબો તૈયાર કરવા.
- ❒ પાઠ્યક્રમદીઠ નિયત સ્વાધ્યાયકાર્યો પૂર્ણ કરી દરેક પ્રશિક્ષણાર્થીએ સત્રાંત પરીક્ષા પહેલાં રજૂ કરવાનું આવશ્યક છે. અભ્યાસકેન્દ્ર ઉપર આપેલાં સ્વાધ્યાયકાર્યોનું મૂલ્યાંકન કરી જરૂરી સૂચનાઓ સાથે પ્રશિક્ષણાર્થીને આગળ અભ્યાસક્રમમાં ઉપયોગી માર્ગદર્શન મળી રહે તે માટે અભ્યાસકેન્દ્રો પરથી પરત મળે છે.

❒ **પ્રાયોગિક કાર્યો :** *જે અભ્યાસક્રમમાં નિર્ધારિત પ્રાયોગિક કાર્યો હોય તે માટે જરૂરી સાધન સુવિધા ધરાવતી સંસ્થાઓમાં વ્યવસ્થા ગોઠવવામાં આવે છે.*

❒ **પ્રાયોગિક કાર્યોનું આયોજન :**

*પ્રાયોગિક કાર્યો શાળાઓ અને અભ્યાસકેન્દ્રો તરીકે પસંદ કરવામાં આવેલી માધ્યમિક શિક્ષણ-પ્રશિક્ષણ કૉલેજોમાં હાથ ધરવામાં આવશે. અગાઉ જણાવ્યા મુજબ પ્રાયોગિક અભ્યાસક્રમોમાં શાળા-આધારિત તેમજ વર્કશોપ આધારિત પ્રાયોગિક કાર્યો, પ્રાયોગિક કાર્ય આધારિત સ્વાધ્યાયો અને પ્રત્યક્ષ વર્ગ શિક્ષણનો સમાવેશ થાય છે. આ બધી પ્રવૃત્તિઓ માધ્યમિક શાળામાં કરવામાં આવશે. તદ્ઉપરાંત 24 દિવસના સમયગાળામાં બે પ્રાયોગિક કાર્યસત્રો એટલે કે બે વર્ષના અભ્યાસક્રમના ગાળા દરમિયાનમાં પ્રતિવર્ષ 12 દિવસનાં કાર્યસત્રો યોજવામાં આવશે. જે પ્રશિક્ષણાર્થીએ ફરજિયાત કરવાનાં રહેશે. પ્રશિક્ષણાર્થીને કાર્યસત્ર(વર્કશોપ)માં હાજરી બાબતે કોઈપણ જાતની છૂટછાટ આપવામાં આવશે નહીં. આ કાર્યસત્રો પ્રશિક્ષણાર્થીઓનાં કૌશલ્યો અને ક્ષમતાઓના વિકાસ માટે અભ્યાસકેન્દ્ર અથવા યુનિવર્સિટી નક્કી કરે તે સ્થળે પ્રશિક્ષણાર્થીએ આદાન-પ્રદાન યુક્ત સન્મુખ* (Face to Face) *શિક્ષણનો કાર્યક્રમ યોજવામાં આવશે. આ અભ્યાસક્રમ વ્યાવસાયિક અભ્યાસક્રમ હોવાથી સંપર્ક વર્ગો તેમજ સન્મુખ શિક્ષણ કાર્યક્રમમાં લઘુત્તમ* 80 *ટકા હાજરી જરૂરી છે. પ્રશિક્ષણાર્થીઓએ અધ્યાપન કૌશલ્યો અને ક્ષમતાઓના વિકાસ માટે જે તે શાળા/સંસ્થાના આચાર્યની વિધિસર મંજૂરી મેળવીને શાળાના સુપરવાઈઝર/આચાર્યના માર્ગદર્શન નીચે જરૂરી એવાં* 40 *પ્રાયોગિક કાર્યો અને પ્રવૃત્તિઓ કરવાની રહેશે.* **બી.એડ્. અભ્યાસક્રમમાં 120 કલાક પ્રાયોગિક, પરામર્શન વિષયદીઠ-12 કલાક અને અધ્યેતાએ 120 કલાકનું અધ્યયન જેટલો સમય સંપર્ક માટેના સમય તરીકે ફરજિયાત ગાળવાનો રહેશે.**

**નોંધ:** *પ્રશિક્ષણાર્થીએ વર્કશોપ,* 12 *પ્રવૃત્તિઓ અને માઈક્રોપાઠ, સિમ્યુલેશન, છૂટાપાઠ અને એકમપાઠ માટે ઓનલાઈન આપવામાં આવેલ ગુગલફોર્મ ફરજિયાત ભરવાનું રહેશે. આ ગુગલફોર્મના આધારે ગુણાંકન નક્કી થશે અને તે મુજબ માર્કશીટ તૈયાર કરવામાં આવશે. જે પ્રશિક્ષણાર્થી આ ગુગલફોર્મ નહિ ભરે તેઓને માર્કશીટ ઈસ્યુ કરવામાં આવશે નહિ જેની ખાસ નોંધ દરેક અભ્યાસકેન્દ્ર અને પ્રશિક્ષણાર્થીએ લેવી.*

### માર્ગદર્શન :

❒ **માર્ગદર્શન (સંપર્ક) સત્રો :**

*સામાન્ય રીતે સંપર્કસત્રોનું આયોજન જે-તે અભ્યાસકેન્દ્રો પર પ્રતિ સપ્તાહના અંતે (રવિવારે) અને જાહેર રજાઓ દરમિયાન યોજવામાં આવશે. સામાન્ય સમયપત્રક મુજબ અભ્યાસકેન્દ્રના સંચાલક આ સત્રો યોજવાનો નિર્ણય લેશે. અભ્યાસકેન્દ્રના સંચાલકો* (Co ordinators) *સંપર્કવર્ગોનું સમયપત્રક તૈયાર કરીને જણાવશે. આ સંપર્કવર્ગો દરમિયાન મુદ્રિત અભ્યાસસામગ્રીના મુદ્દાઓ અને દશ્ય-શ્રાવ્ય કાર્યક્રમોના કેટલાક મુદ્દાઓનું પ્રશિક્ષણાર્થીઓ સાથે આદાન-પ્રદાન કરીને સ્પષ્ટીકરણ કરવામાં આવશે.*

❒ **પરામર્શન વર્ગો :** અભ્યાસ - સામગ્રીના અધ્યયનમાં ઉદ્ભવતી મુશ્કેલીઓના નિવારણ માટે તથા જરૂરી શૈક્ષણિક માર્ગદર્શન અને મદદ પૂરી પાડવા અભ્યાસકેન્દ્રો પર તજ્જ્ઞો સાથે પ્રત્યક્ષ સંપર્ક માટે પરામર્શન બેઠકો નિયત કર્યા અનુસાર યોજવામાં આવે છે. જેમાં વિદ્યાર્થી પોતાની જરૂરિયાત મુજબ હાજરી આપી શકે છે.

❐ મૂલ્યાંકન :

*સૈદ્ધાંતિક (Theory) અને પ્રાયોગિક કાર્ય માટેની મૂલ્યાંકન પ્રણાલી સામે પાને છે.*

## સૈદ્ધાંતિક વિષયો :

સૈદ્ધાંતિક વિષયોમાં મૂલ્યાંકનના ત્રણ પાસાઓ સમાવિષ્ટ છે.

**(a)** પ્રત્યેક એકમમાં આપવામાં આવેલા સ્વ-અધ્યયન માટેના સ્વાધ્યાયો (ક્રેડિટ સિવાયના)

**(b)** સમયાંતરે યોગ્ય સમયવિધિમાં આપવામાં આવેલાં સ્વાધ્યાયપત્રોના સ્વાધ્યાયોનું સતત મૂલ્યાંકન. આ મૂલ્યાંકનનો ભારાંક દરેક વિષયમાં 30% જેટલો રહેશે. *સ્વાધ્યાયના ગુણાંકનને પ્રશિક્ષણાર્થીના પરીક્ષામાં ઉત્તીર્ણ થવા માટે ગણતરીમાં લેવામાં આવશે.*

**(c)** સત્રાંત પરીક્ષામાં દરેક વિષયમાં ભારાંક 70% જેટલું રહેશે. સત્રાંત પરીક્ષાનો કાર્યક્રમ જે તે કેન્દ્રના નોટિસ બૉર્ડ પર અને યુનિવર્સિટીની વેબસાઇટ ઉપર www.baou.edu.in એક માસ અગાઉ પ્રસિદ્ધ કરવામાં આવશે. **આ માટે તેમના પરીક્ષાનાં આવેદનપત્રો આપેલ સમય મર્યાદા ( ઓનલાઈન ) માં ભરીને જે તે કેન્દ્રમાં જમા કરાવવા ફરજીયાત છે.**

❐ પ્રાયોગિક :

પ્રાયોગિક વિષયો માટેની પરીક્ષાના ત્રણ પાસા છે.

| | | |
|---|---|---|
| (a) પ્રાયોગિક વર્કશોપમાં કામગીરીનું મૂલ્યાંકન | (ES-141, ES-241) | - ક્રેડિટ 4 |
| (b) પ્રાયોગિક પાઠોનું મૂલ્યાંકન (બે વિષય પદ્ધતિ) (4 + 4) | (ES-142, ES-242) | - ક્રેડિટ 8 |
| **(c)** શાળા આધારિત પ્રવૃત્તિઓ અને પ્રત્યક્ષ વર્ગ શિક્ષણ | (ES-243) | - ક્રેડિટ 4 |

*પ્રશિક્ષણાર્થીએ દરેક વિષયમાં ઓછામાં ઓછો C ગ્રેડ મેળવવાનો રહેશે. સતત મૂલ્યાંકન અને સત્રાંત પરીક્ષામાં C ગ્રેડ મેળવવાનો રહેશે. જો કે અભ્યાસક્રમમાં સફળતાપૂર્વક ઉત્તીર્ણ થવા માટે બધાની સરેરાશ કરતાં ઓછામાં ઓછો B ગ્રેડ મેળવવાનો રહેશે.*

*જો કોઈ પ્રશિક્ષણાર્થી કોઈ વિષયની સત્રાંત પરીક્ષા કોઈ કારણસર આપી શક્યો ન હોય તો તે તેના પછીની સત્રાંત પરીક્ષા આપી શકશે. જ્યાં સુધી પ્રશિક્ષણાર્થી ઓછામાં ઓછો પાસ ગ્રેડ મેળવે ત્યાં સુધી આ સુવિધા ચાલુ રાખી શકાશે, પરંતુ પ્રવેશ મેળવીને નોંધણી કરાવ્યા પછી નોંધણી તારીખથી પાંચ વર્ષ સુધી આ સુવિધા પ્રાપ્ત કરી શકશે.*

વર્ગાંકન (grade) પદ્ધતિમાં વર્ણ (અક્ષર)નો ઉપયોગ સતત મૂલ્યાંકન અને સત્રાંત પરીક્ષાનું વર્ગાંકન કરવા માટે કરવામાં આવશે. અક્ષરસહિતનાં વર્ગાંકન (grades) નીચે મુજબ છે.

| Letter Grade | Qualitative Level | Grade Point Average | Percentage Equivalent | Classification of Final Result |
|---|---|---|---|---|
| O | Outstanding | 8.5 – 10.0 | Above 85 (85 – 100) | First class with Distinction |
| $A^+$ | Excellent | 7.0 – 8.49 | 70.00 – 84.99 | |
| A | Very Good | 6.0 – 6.99 | 60.00 – 69.99 | First class |
| $B^+$ | Good | 5.5 – 5.99 | 55.00 – 59.99 | Higher Second Class |
| B | Fair / Average | 5.0 – 5.49 | 50.00 – 54.99 | Second Class |
| C | Satisfactory | 4.0 – 4.99 | 40.00 – 49.99 | Pass Class |
| D | Dropped / Fail | Below 4.0 | Below 40 | Dropped / Fail |

જે તે પરીક્ષાર્થી સૈદ્ધાંતિક અને પ્રાયોગિક અભ્યાસક્રમમાં પ્રત્યેકમાં એવરેજ **B** ગ્રેડ મેળવશે તેને ઉત્તીર્ણ જાહેર કરવામાં આવશે.

# 2.1 બી.એડ્. પ્રવેશના નિયમો

*ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં પ્રવેશ માત્ર પ્રવેશ પરીક્ષામાં મેળવેલ ગુણના આધારે તૈયાર થયેલ મેરિટના આધારે જ આપવામાં આવશે. જે પ્રશિક્ષણાર્થીઓ યુનિવર્સિટીએ નિયત કરેલાં લાયકાતના ધોરણોમાં સમાવિષ્ટ થતા હશે તેમને જ પ્રવેશ આપવામાં આવશે. તેથી કોઈપણ પ્રવેશાર્થીએ કોઈપણ ખાનગી વ્યક્તિ અથવા સંસ્થાએ આપેલાં વચનોથી ગેરમાર્ગે દોરવાઈ જવું નહીં.*

**(1) માધ્યમ:**

બી.એડ્.ના અભ્યાસક્રમનું માધ્યમ માત્ર ગુજરાતી જ રહેશે.

**(2) પ્રવેશ માટેની લાયકાત :**

1) **NCTE (National Council for Teacher Education) દ્વારા માન્ય શૈક્ષણિક સંસ્થામાંથી Face to Face Modeથી PTC, D.Ed., D.El.Ed., C.P.Ed., B.P.Ed. (સંસ્થાના NCTE કોડ નંબર સાથેનું પ્રમાણપત્ર પ્રવેશફોર્મ સાથે જોડવું) જેવો અભ્યાસક્રમ પૂર્ણ કરેલ હોય તેવા શિક્ષક તરીકે હાલ સરકાર માન્ય પ્રાથમિક, માધ્યમિક કે ઉચ્ચતર માધ્યમિક શાળામાં લઘુત્તમ બે વર્ષનો પૂર્ણ સમયની સવેતન સેવાઓ આપતા હોવા જોઈએ તેમજ UGC માન્ય યુનિવર્સિટીમાંથી સાયન્સ, કોમર્સ અને આર્ટ્સ વિદ્યાશાખામાં લઘુત્તમ 50% ગુણ અને ઈજનેરી/તક્નિકી વિદ્યાશાખામાં મુખ્ય વિષય ગણિત અને વિજ્ઞાન વિષયમાં 55% ગુણ સાથે સ્નાતક/અનુસ્નાતક થયેલ હોય તેવા નોકરીમાં કાર્યરત (In-Service Teachers) શિક્ષકો જ આ અભ્યાસક્રમમાં અરજી કરી શકશે. (SC/ST અને દિવ્યાંગ વિદ્યાર્થીઓને પ્રવેશ મેળવવા 5% ગુણની છૂટછાટ) તેમજ પ્રવેશ પરીક્ષામાં ઓછામાં ઓછા 40% (150માંથી 60) ગુણ મેળવનાર ઉમેદવાર મેરિટ ક્રમ મુજબ પ્રવેશપાત્ર બનશે.**

2) આચાર્ય દ્વારા અપાયેલું અનુભવનું પ્રમાણપત્ર જિલ્લા શિક્ષણ વિભાગના માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળામાં સરકારી નોકરી કરનારે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (DEO) પ્રાથમિકમાં નોકરી કરનારે જિલ્લા પ્રા. શિક્ષણાધિકારીશ્રી (DPEO) અથવા શાસનાધિકારીશ્રી (A.O.)દ્વારા પ્રતિહસ્તાક્ષર કરેલું પ્રમાણિત હોવું જોઈએ અને બિનસરકારી પ્રાથમિક, માધ્યમિક કે ઉચ્ચતર માધ્યમિક શાળામાં શિક્ષક તરીકે નોકરી કરનારે શાળાના નોંધણી નંબરવાળા લેટરપેડ પર પ્રિન્સિપાલ દ્વારા પ્રતિહસ્તાક્ષર કરેલું પ્રમાણિત હોવું જોઈએ.

**(3) અભ્યાસક્રમની સમયમર્યાદા :**

અભ્યાસક્રમની લઘુત્તમ સમયમર્યાદા બે વર્ષની રહેશે અને અભ્યાસક્રમ પૂર્ણ કરવા માટેની મહત્તમ સમયમર્યાદા પાંચ વર્ષની રહેશે. જે તે પ્રવેશાર્થીએ તેનો અભ્યાસક્રમ આ સમયમર્યાદામાં પૂર્ણ કરવાનો રહેશે. ત્યારબાદ આ અભ્યાસક્રમમાં પુનઃપ્રવેશ મેળવી શકાશે નહીં.

**(4) પ્રવેશ પરીક્ષા :**

*બી.એડ્.માં પ્રવેશ મેળવવા ઈચ્છતા પ્રવેશાર્થીઓએ પ્રવેશ પરીક્ષામાં બેસવું ફરજિયાત છે. પ્રવેશ પરીક્ષામાં 40% એટલે કુલ ગુણ (150માંથી 60) ગુણ મેળવનાર પ્રવેશપાત્ર બનશે.*

➡ પ્રવેશ પરિક્ષા અંગેની માહિતી યુનિવર્સિટીની વેબસાઈટ www.baou.edu.in પરથી ઉપલબ્ધ થશે.

## પ્રવેશ પરીક્ષા અંગેની ધ્યાનપાત્ર બાબતો :

1. **પ્રવેશ પરીક્ષાના પ્રશ્નપત્રમાં બે પાર્ટ A અને B રહેશે.**

**પાર્ટ-A :** સામાન્ય જ્ઞાન-શિક્ષણ વિષયક અને અન્ય તેમાં નીચેના ઘટકોનું પરીક્ષણ કરવામાં આવશે.

વિભાગ- 1. સામાન્ય અંગ્રેજી અર્થગ્રહણ (General English Comprehension)

વિભાગ- 2. તાર્કિક અને પૃથક્કરણીય કાર્યકારણ સંબંધ (Logical & Analytical Reasoning)

વિભાગ- 3. શૈક્ષણિક અને સામાન્ય સચેતતા (સમાનતા) (Educational & General/Awareness)

વિભાગ- 4. અધ્યાપન-અધ્યયન પ્રક્રિયા અને શાળા (Teaching-Learning & the School)

**પાર્ટ- B : વિષયવસ્તુ - પ્રવર્તમાન** (ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ પ્રકાશિત જે તે વિષયનો ધોરણ-6 થી ધોરણ-12 સુધીનો અભ્યાસક્રમ)

**નોંધ : આપે જે વિષયમાં પ્રવેશ પરીક્ષા આપી હશે તે જ વિષય બી.એડ્.માં (સેમેસ્ટર પદ્ધતિના અભ્યાસક્રમ મુજબ)પ્રથમ વિષયપદ્ધતિ તરીકે આપે ફરજિયાત પસંદ કરવાનો રહેશે. જે કોઈ પણ સંજોગોમાં બદલી આપવામાં આવશે નહીં.**

**(5) વિષયો :**

(01) ગુજરાતી (02) હિન્દી (03) અંગ્રેજી (04) ગણિતશાસ્ત્ર (05) વિજ્ઞાન અને ટેક્નોલૉજી (06) સામાજિક વિજ્ઞાન (07) સંસ્કૃત (08) વાણિજ્ય વ્યવસ્થા (09) નામાના મૂળતત્ત્વો (10) મનોવિજ્ઞાન. દરેક *પરીક્ષાર્થીએ સ્નાતક કક્ષાએ પોતાના મુખ્ય વિષય (B.A., B.Com., B.Sc.,B.E.)ની પ્રવેશ પરીક્ષા આપવાની રહેશે.*

| ક્રમ | વિદ્યાશાખા | સ્નાતક પદવીનો મુખ્ય વિષય | બી.એડ્. પ્રવેશ પરીક્ષામાં પસંદગી કરવાનો વિષય |
|---|---|---|---|
| 1. | સાયન્સ | ગણિત, આંકડાશાસ્ત્ર | ગણિત |
| 2. | | રસાયણશાસ્ત્ર, જીવવિજ્ઞાન, ભૌતિકશાસ્ત્ર, વનસ્પતિશાસ્ત્ર | વિજ્ઞાન |
| 3. | કોમર્સ/મેનેજમેન્ટ | નામાના મૂળતત્ત્વો, આંકડાશાસ્ત્ર | નામાના મૂળતત્ત્વો |
| 4. | | વાણિજ્ય | વાણિજ્ય |
| 5. | આર્ટ્સ | ઈતિહાસ, સમાજશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, *અર્થશાસ્ત્ર*, ભૂગોળ અને નાગરિકશાસ્ત્ર | સમાજવિદ્યા |
| 6. | | ગુજરાતી | ગુજરાતી |
| 7. | | હિન્દી | હિન્દી |
| 8. | | અંગ્રેજી | અંગ્રેજી |
| 9. | | સંસ્કૃત | સંસ્કૃત |
| 10. | | મનોવિજ્ઞાન | મનોવિજ્ઞાન |
| **અગત્યની સૂચના : સ્નાતક પદવીના મુખ્ય વિષય સિવાય અન્ય વિષયમાં પ્રવેશ પરીક્ષા આપી શકાશે નહિ.** | | | |

પ્રશ્નપત્ર બહુવિકલ્પ પ્રકારનું 150 પ્રશ્નોવાળું રહેશે. જે પૈકી પાર્ટ A માં 100 પ્રશ્નો (1 થી 100) તથા પાર્ટ B માં 50 પ્રશ્નો (101 થી 150) રહેશે. સમય 2:30 કલાકનો રહેશે.

**(6) મેરિટ નક્કી કરવાની પદ્ધતિ :**

પ્રવેશ પરીક્ષાના કુલ 150 ગુણમાંથી મેળવેલા ગુણને આધારે મેરિટ નક્કી કરવામાં આવશે. પ્રવેશ મેરિટ ગુણને આધારે આપવામાં આવશે.

**નોંધ :** *જ્યાં બે પ્રવેશાર્થીના મેરિટના ગુણ સરખા થતા હશે ત્યાં નોકરીના અનુભવના પૂરા વર્ષો ધ્યાનમાં લઈને અગ્રતાક્રમ નક્કી કરવામાં આવશે. મેળવેલા ગુણ અને અનુભવના વર્ષો સમાન થતા હોય તેવા કિસ્સામાં અગ્રતાક્રમ નક્કી કરવા માટે ઉમેદવારની જન્મતારીખ ધ્યાનમાં લેવાશે.*

**(7) અનામત અને ઓપન બેઠકો :**

1. અનુસૂચિત જાતિ (SC) - 07 ટકા
2. અનુસૂચિત જનજાતિ (ST) - 15 ટકા
3. સામાજિક-આર્થિક પછાત વર્ગ (SEBC) - 27 ટકા
4. બિન અનામત (OPEN) - 51 ટકા
5. આર્થિક રીતે નબળા વર્ગ (EWS) (બિન અનામત) - 10 ટકા (વધારાની સીટ)*

**(8) વિકલાંગ અંધ ઉમેદવારો માટે :**

(અ) *વિકલાંગ ઉમેદવારો માટે કુલ બેઠકોની 3% બેઠકો ફાળવવામાં આવશે. તે પૈકી 1% બેઠક પ્રજ્ઞાચક્ષુ પ્રવેશાર્થી માટે ફાળવવામાં આવી છે. પરંતુ આ 3% બેઠકો ઓપન, એસ.સી., એસ.ટી., સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગમાં સમાવી લેવામાં આવી છે. બિન અનામતમાં આર્થિક રીતે નબળા વર્ગ (EWS) એટલે બિન અનામતની કુલ ટકાવારી 51% + 10% કુલ 61 રહેશે.*

(બ) (વિકલાંગ) કક્ષાનો લાભ લેવા ઈચ્છનાર ઉમેદવારોને સિવિલ સર્જનનું ફોટા સાથેનું પ્રમાણપત્ર અરજીપત્રક સાથે અચૂક જોડવાનું રહેશે. પ્રજ્ઞાચક્ષુ સિવાયના શારીરિક દિવ્યાંગ(વિકલાંગ) (Physical Handicap) ઉમેદવારો ઓછામાં ઓછી 40 ટકા અને વધુમાં વધુ 60 ટકા વિકલાંગતા ધરાવતા હશે તો જ તેઓ મેરિટના આધારે પ્રવેશપાત્ર થશે. આમ છતાં, વિકલાંગતા તેમના અભ્યાસ દરમિયાન જરૂરી કામ કરવા માટે અવરોધક હોવી જોઈએ નહીં. આ માટે બી.એડ્. પ્રવેશ સમિતિનો નિર્ણય આખરી ગણાશે.

**(ક)** *વિકલાંગતા ધરાવતા પ્રવેશાર્થી વિકલાંગતા જાહેર ન કરીને અન્ય કેટેગરીમાં પ્રવેશ મેળવી શકશે નહિ અને જો તે રીતે પ્રવેશ મેળવ્યો હશે તો તે રદ થવાને પાત્ર છે અને તેઓની ભરેલી ફી જપ્ત થશે.*

**(9)** *અનામત બેઠકનો લાભ લેવા ઈચ્છતા પ્રવેશાર્થીએ સક્ષમ અધિકારીનું જાતિનું (પ્રવર્તમાન) પ્રમાણપત્ર અરજીપત્રક સાથે જોડવું ફરજિયાત રહેશે અન્યથા અરજીપત્રક રદ થશે.*

**(10)** SEBC *કક્ષા માટે "ઉન્નતવર્ગમાં (ક્રિમિલેયરમાં) સમાવેશ થતો નથી" તેવું દર્શાવતું સક્ષમ અધિકારીનું* 31 *માર્ચ,* 2024 *પછીનું ત્રણ વર્ષની સમયમર્યાદાનું ક્રિમિલેયર હોય તો તેઓએ આવક તરીકે ફોર્મ -૧૬ અથવા પગાર સ્લીપ જોડવી ફરજિયાત છે અન્યથા આવા પ્રવેશાર્થીઓને* SEBC *કેટેગરીનો લાભ મળશે નહિ.*

**(11)** જાતિ પ્રમાણપત્ર અથવા ક્રિમિલેયર સર્ટિફિકેટની પ્રમાણિત નકલ અરજીપત્રક સાથે રજૂ કરેલ નહીં હોય તો તેવા ઉમેદવારને જે તે કેટેગરીનો લાભ મળશે નહીં પાછળથી **કોઈપણ સંજોગોમાં કેટેગરી બદલવામાં આવશે નહીં.**

**(12)** અનામત કક્ષાની બેઠકો માટે મેરિટ યાદીને અનુસર્યા બાદ જો અનામત કક્ષાની બેઠકો ખાલી રહેશે તો તે **SEBC** ની બેઠકો ઓપન કેટેગરીમાં તબદીલ કરી શકાશે, SC/STની ખાલી બેઠકો SC/STમાં અરસ-પરસ ભરવામાં આવશે. ત્યારબાદ બેઠકો ખાલી રહેશે તો ઓપન કેટેગરીમાં તબદીલ કરી શકાશે.

**(13)** બિન અનામત આર્થિક રીતે નબળા વર્ગ (EWS) નું આવકનું પ્રમાણપત્ર પ્રવેશ ફોર્મ સાથે જોડવું ફરજીયાત છે. તો તેઓને (EWS) નો લાભ મળવા પાત્ર છે.

* શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંક : પરચ/૧૦૧૯/૯૦૫/ખ તા. ૦૬-૦૭-૨૦૧૯

## (૧૩) અભ્યાસકેન્દ્રની પસંદગી

(૧) યુનિવર્સિટી દ્વારા નિયત થયેલાં અભ્યાસકેન્દ્રોમાં નિયત થયેલી બેઠકો પર પ્રવેશાર્થીઓને મેરિટ અનુસાર

(૨) કેન્દ્રમાં અનામત બેઠકોનું પ્રમાણ જાળવવામાં આવશે.

(૩) *જે-તે અભ્યાસકેન્દ્રોમાં ફાળવેલ તમામ બેઠકો મેરિટ અનુસાર ભરાઈ ગયા પછી પ્રવેશાર્થીઓના મેરિટના ધોરણે અન્ય અભ્યાસકેન્દ્રોમાં ખાલી રહેલી જગ્યામાં પ્રવેશ મેળવી શકાશે.*

(૪) પ્રવેશ સમિતિ દ્વારા જ્યારે પ્રવેશ આપવામાં આવશે ત્યારે પ્રવેશાર્થીઓને અભ્યાસકેન્દ્ર પસંદ કરવાની તક આપવામાં આવશે. પ્રવેશાર્થીએ એક વખત અભ્યાસકેન્દ્ર પસંદ કરી ફી ભર્યા બાદ કોઈપણ સંજોગોમાં અભ્યાસકેન્દ્ર બદલી આપવામાં આવશે નહિ તથા ભરેલી ફી પણ પાછી મળશે નહીં.

## (૧૪) વિષય પસંદગી

(૧) *પ્રવેશફોર્મ ભરતી વખતે પ્રવેશાર્થીએ જે વિષય પ્રથમ પદ્ધતિ તરીકે પસંદ કરેલ હશે તે જ વિષયની પરીક્ષા આપવાની રહેશે. જેમાં પાછળથી કોઈ પણ સંજોગોમાં ફેરફાર કરવામાં આવશે નહીં.*

(૨) બી.એડ્.માં બીજી વિષય પદ્ધતિનો વિષય પ્રવેશ લેતી વખતે પ્રવેશ સમિતિ સમક્ષ નક્કી કરી આપવામાં આવશે. *આ ઉપરાંત જૂથ Dમાં દર્શાવેલ વિશિષ્ટ અભ્યાસક્રમ ક્ષેત્રોમાંથી પ્રથમ વર્ષમાં એક વિષય અને દ્વિતીય વર્ષમાં બે વિશિષ્ટ વિષયક્ષેત્ર પ્રવેશ સમિતિ દ્વારા પ્રવેશ સમયે નક્કી કરી આપવામાં આવશે.*

## (૧૫) વૈકલ્પિક અન્વયે વિષય ક્રેડિટ ટ્રાન્સફર (Value added Certificate Course) :

(1) CFN - Certificate in Food and Nutrition
(2) CCCD - Certificate in Child Care and Development

*ઉપરોક્ત સર્ટિફિકેટ અભ્યાસક્રમ અન્વયે સ્કૂલ કાઉન્સિલની બેઠક તા.07/03/2017 કાર્યનોંધની બાબત નં. 14 સંદર્ભે - ત્યારબાદની APB/BOMમાં મંજૂર થયેલ બાબત મુજબ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા સંચાલિત CFN અને CCCD સર્ટિફિકેટ અભ્યાસક્રમ ભૂતકાળમાં પૂર્ણ કરેલ હોય તો પ્રવેશ સમયે વૈકલ્પિક વિષય સમકક્ષ 4 ક્રેડિટ ટ્રાન્સફર તરીકે આપવામાં આવશે. જેની લેખિત જાણ પ્રવેશ વિભાગ, પરીક્ષા વિભાગ અને બી.એડ્. વિભાગને કરવાની રહેશે. 4 ક્રેડિટ ટ્રાન્સફર પ્રથમ/દ્વિતીય વર્ષના વૈકલ્પિક વિષયોમાંથી કોઈપણ એક વિષયની સામે મળી શકશે.*

### ► શિષ્યવૃત્તિ :

*બી.એડ્. અભ્યાસક્રમ ઈન સર્વિસ અને વ્યાવસાયિક અભ્યાસક્રમ હોવાથી અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિના પ્રવેશાર્થીઓને વ્યાવસાયિક અભ્યાસક્રમમાં શિષ્યવૃત્તિ એક વખત મળવાપાત્ર છે. જે પ્રવેશાર્થીઓએ પી.ટી.સી., સી.પીએડ્., બી.પીએડ્. જેવા અભ્યાસક્રમમાં અગાઉ શિષ્યવૃત્તિ મેળવેલ હોય તેઓને સરકારશ્રીના નિયમ મુજબ બીજીવાર મળવાપાત્ર રહેતી નથી.*

### ► સરનામામાં ફેરફાર / સુધારો :

પ્રવેશાર્થીના નામ, સરનામા, જાતિ વગેરેમાં કોઇપણ પ્રકારની ભૂલ/ક્ષતિ કે અન્ય ફેરફાર હોય તો તે અંગે પ્રવેશ મેળવ્યા બાદ 60 દિવસમાં યુનિવર્સિટીના કાર્યાલય ખાતે અરજી કરવાની રહેશે. જે માટેની નિયત ફી રૂપિયા 100 ભરવાની રહેશે. (નામમાં સુધારા માટે જરૂરી આધાર પુરાવાની પ્રમાણિત નકલ તથા નિયત ફીનો ડી.ડી બિડેલો હોવો જરૂરી છે.) યુનિવર્સિટીના રેકર્ડ ઉપર જરૂરી ફેરફાર ન થાય ત્યાં સુધી જૂના સરનામે આવેલ ટપાલ/સાહિત્ય મેળવવાની વ્યવસ્થા ગોઠવવાની રહેશે.

### ► ગૌણ વિષયમાં ફેરફાર :

*પ્રથમ/દ્વિતીય વર્ષના ગૌણ વિષયમાં ફેરફાર પ્રવેશ મેળવ્યાના 60 દિવસની અંદર જ થઈ શકશે. જે માટે વિષયદીઠ નિયત ફી રૂા. 200/- તથા આ બાબતની અરજી યુનિવર્સિટી ખાતે મોકલવાની રહેશે. નિયત સમયમર્યાદા પૂર્ણ થયા બાદ ગૌણ વિષયમાં ફેરફાર થઈ શકશે નહિ.*

### ► સમાંતર નોંધણી :

આ અભ્યાસક્રમમાં પ્રવેશ પામનાર પ્રવેશાર્થી 6 માસના સમાંતરે ચાલતા કોઇપણ અભ્યાસક્રમમાં પ્રવેશ લઇ શકશે. જો કે સમાંતર સમયે ચાલતા બંને અભ્યાસક્રમોથી શરૂઆતના અભ્યાસક્રમમાં કોઇ અડચણ ઊભી થવી જોઇએ નહીં. જો કે આ બંને અભ્યાસક્રમોની પરીક્ષાની તારીખો સમાન હશે તો તે માટે યુનિવર્સિટી જવાબદાર રહેશે નહીં.

### ► અભ્યાસકેન્દ્ર પરિવર્તન :

એક વખત કોઇ એક અભ્યાસકેન્દ્રમાં પ્રવેશ મેળવી લીધા પછીઅન્ય કેન્દ્રમાં પ્રવેશ મેળવવાનો હક રહેશે નહીં અને કોઇપણ સંજોગોમાં કેન્દ્ર બદલી આપવામાં આવશે નહીં.

### ► ફીના નિયમો :

સમગ્ર અભ્યાસક્રની ફીનું ધોરણ પ્રવેશાર્થીઓ માટે 20,000/- પ્રવેશ પ્રક્રિયા વખતે ઉમેદવારે આ ફી રોકડેથી, ચેકથી અને ડી.ડી.થી ભરવાની રહેશે. પ્રવેશ વખતે પૂરેપૂરી ફી ન ભરનારને પ્રવેશ મેળવવાનો હક રહેશે નહીં.

**એક વખત પ્રવેશ લીધા પછી કોઈપણ સંજોગોમાં ફી પરત કરવામાં આવશે નહીં.**

# 2.2 પ્રવેશ પરીક્ષાની માહિતી

## બી.એડ્.ની પ્રવેશ પરીક્ષાના પ્રશ્નપત્રનું માળખું :

*આ પ્રશ્નપત્ર A અને B વિભાગમાં વહેંચાયેલું છે. વિભાગ A માં એક એક ગુણના 100 પ્રશ્નો અને વિભાગ B માં પ્રવેશાર્થી પોતે પસંદ કરેલ કોઈ એક શાળાકીય વિષયના એક એક ગુણના 50 પ્રશ્નો છે. પ્રશ્નપત્ર કુલ 2.30 કલાકનું રહેશે.*

| પાર્ટ-A | વિષયાંગો | પ્રશ્નોની સંખ્યા | કુલ ગુણ | પ્રશ્નક્રમ |
|---|---|---|---|---|
| વિભાગ-1 | સામાન્ય અંગ્રેજી અર્થગ્રહણ (General English Comprehension) | 10 | 10 | 1-10 |
| વિભાગ-2 | તાર્કિક અને પૃથક્કરણીય કાર્યકારણ સંબંધ (Logical & Analytical Reasoning) | 20 | 20 | 11-30 |
| વિભાગ-3 | શૈક્ષણિક અને સામાન્ય સચેતતા (સમાનતા) (Educational & General/Awareness) | 35 | 35 | 31-65 |
| વિભાગ-3 | અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા અને શાળા (Teaching-Learning & the School) | 35 | 35 | 66-100 |
| | કુલ | **100** | **100** | **100** |

### વિષયક્ષમતા ( કોઈ એક વિષય )

પાર્ટ - B (Subject Competence - any one Subject) : પ્રત્યેક વિષય માટે ધો. 6 થી ધો.12ના ગુજરાત રાજયના પ્રવર્તમાન (સેમેસ્ટર પદ્ધતિ દ્વારા ચાલતા) અભ્યાસક્રમને ધ્યાનમાં રાખી તેમાથી બહુવિકલ્પ પ્રકારના હેતુલક્ષી પ્રશ્નો પૂછાશે.

| પાર્ટ-B | વિષયાંગો | પ્રશ્નોની સંખ્યા | કુલ ગુણ | પ્રશ્નક્રમ |
|---|---|---|---|---|
| વિભાગ-5 | (1) ગુજરાતી (01) | 50 | 50 | 101 થી 150 |
| | (2) હિન્દી (02) | 50 | 50 | 101 થી 150 |
| | (3) અંગ્રેજી (03) | 50 | 50 | 101 થી 150 |
| | (4) ગણિતશાસ્ત્ર (04) | 50 | 50 | 101 થી 150 |
| | (5) વિજ્ઞાન અને ટેક્નોલૉજી (05) | 50 | 50 | 101 થી 150 |
| | (6) સામાજિક વિજ્ઞાન (06) | 50 | 50 | 101 થી 150 |
| | (7) સંસ્કૃત (07) | 50 | 50 | 101 થી 150 |
| | (8) વાણિજ્ય વ્યવસ્થા (08) | 50 | 50 | 101 થી 150 |
| | (9) નામાના મૂળતત્ત્વો (09) | 50 | 50 | 101 થી 150 |
| | (10) મનોવિજ્ઞાન (10) | 50 | 50 | 101 થી 150 |

**નોંધ :- પાર્ટ - B માંથી કોઈ એક વિષયની પરીક્ષા આપવી ફરજિયાત છે.**

***દરેક વિભાગમાં આપેલા કુલ પ્રશ્નો તે પ્રશ્નપત્રની રૂપરેખા અને તેનું કાર્યક્ષેત્ર દર્શાવે છે. આમ છતાં / પરીક્ષાનું વાસ્તવિક પ્રશ્નપત્ર અહીં આપેલા પ્રશ્નપત્ર કરતાં તેની કઠિનતાના સ્તર વિષયવસ્તુ વગેરેમાં જુદું પણ હોઈ શકે છે.***

પ્રશ્નપત્ર બધા પ્રશ્નો એક પ્રશ્ન પુસ્તિકામાં આપવામાં આવશે જે ગુજરાતી ભાષામાં છપાયેલા હશે. અંગ્રેજી, હિન્દી અને સંસ્કૃત વિષયના પ્રશ્નો જે તે ભાષામાં રહેશે. પ્રશ્ન પુસ્તિકામાં હેતુલક્ષી (Objective type) પ્રકારના પ્રશ્નો હોવાથી તે પ્રશ્નોના ઉત્તર શબ્દોમાં કે વાકયોમાં લખવાના હોતા નથી. પ્રત્યેક પ્રકારના ઉત્તર માટે ચાર વિકલ્પો આપવામાં આવશે જેમાંનો માત્ર એક જ સાચો ઉત્તર શોધીને આપવાનો છે.

# 2.3 B.Ed. Online ફોર્મ ભરવા માટેની સામાન્ય સુચનાઓ

બી.એડ્. પ્રવેશ માટે યોગ્યતા : NCTE દ્વારા માન્ય શૈક્ષણિક સંસ્થામાંથી Face to Face Mode થી PTC, D.Ed., D.El.Ed., C.P.Ed., B.P.Ed. જેવો અભ્યાસક્રમ પૂર્ણ કરેલ હોય તેવા શિક્ષક તરીકે હાલ સરકાર માન્ય પ્રાથમિક, માધ્યમિક કે ઉચ્ચતર માધ્યમિક શાળામાં લઘુત્તમ બે વર્ષનો પૂર્ણ સમયની સવેતન સેવાઓ આપતા હોવા જોઈએ તેમજ UGC માન્ય યુનિવર્સિટીમાંથી સાયન્સ, કોમર્સ અને આર્ટ્સ વિદ્યાશાખામાં લઘુત્તમ 50% ગુણ (SC/ST અને દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે 45% ) અને ઈજનેરી/તક્નીકી વિદ્યાશાખામાં મુખ્ય વિષય ગણિત, વિજ્ઞાન વિષયમાં 55% ગુણ (SC/ST અને દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે 50%) સાથે સ્નાતક/અનુસ્નાતક થયેલ હોય તેવા નોકરીમાં કાર્યરત (In-Service Teachers) શિક્ષકો જ આ અભ્યાસક્રમમાં અરજી કરી શકશે.

- ઉમેદવારે સૌ પ્રથમ ગુજરાત સરકારના કોમન એડમીશન સર્વિસના (GCAS) પોર્ટલ https://gcas.gujgov.edu.in/ પર રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. GCAS રજીસ્ટ્રેશન પ્રોસેસ પૂર્ણ થયા બાદ રજીસ્ટ્રેશન ફોર્મની PDF જનરેટ થશે.
  Note: B.Ed. પ્રવેશ માટે ઇચ્છુક ઉમેદવારે પોતાની પ્રવેશ લાયકાત ચકાસ્યા બાદ જ GCAS પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરાવવું.
- GCAS પોર્ટલ પર રજીસ્ટ્રેશન ફોર્મ ભર્યાના બે કલાક બાદ અથવા તેના બીજા દિવસે BAOU પોર્ટલ www.baou.edu.in પર ફોર્મ ભરવાનું રહેશે. GCAS પોર્ટલ પરથી મળેલ યુઝરનેઈમ-પાસવર્ડની મદદથી ઉમેદવારે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની વેબસાઈટ www.baou.edu.in પર બી.એડ્. માટેની લીંક પર લોગ ઈન કરીને નામ, જાતિ અને વિષય સ્નાતક/અનુસ્નાતક કક્ષાના (Method-1 જે વિષયની પ્રવેશ પરીક્ષા આપવાની હોય તે સૂચિત પ્રવેશ પરીક્ષા કેન્દ્ર)ની વગેરે વિગતો ભરવી.
- પ્રવેશ પરીક્ષા કેન્દ્ર વિદ્યાર્થીઓની સંખ્યા પર આધારિત રહેશે.
- B.Ed.માં Method-1 રાખવી હોય તે વિષયમાં જ Entrance Test આપવાની હોય છે તે નક્કી કરી રાખવું.

| ક્રમ | વિદ્યાશાખા | સ્નાતક પદવીનો મુખ્ય વિષય | બી.એડ્. પ્રવેશ પરીક્ષામાં પસંદગી કરવાનો વિષય |
|---|---|---|---|
| 1. | સાયન્સ | ગણિત, આંકડાશાસ્ત્ર | ગણિત |
| 2. | | રસાયણશાસ્ત્ર, જીવવિજ્ઞાન, ભૌતિકશાસ્ત્ર, વનસ્પતિશાસ્ત્ર | વિજ્ઞાન |
| 3. | કોમર્સ/મેનેજમેન્ટ | નામાના મૂળતત્ત્વો, આંકડાશાસ્ત્ર | નામાના મૂળતત્ત્વો |
| 4. | | વાણિજ્ય | વાણિજ્ય |
| 5. | આર્ટ્સ | ઈતિહાસ, સમાજશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, *અર્થશાસ્ત્ર*,ભૂગોળ અને નાગરિકશાસ્ત્ર | સમાજવિદ્યા |
| 6. | | ગુજરાતી | ગુજરાતી |
| 7. | | હિન્દી | હિન્દી |
| 8. | | અંગ્રેજી | અંગ્રેજી |
| 9. | | સંસ્કૃત | સંસ્કૃત |
| 10. | | મનોવિજ્ઞાન | મનોવિજ્ઞાન |

Note: સ્નાતક પદવીના મુખ્ય વિષય સિવાય અન્ય વિષયમાં પ્રવેશ પરીક્ષા આપી શકાશે નહિ.

- BAOU પોર્ટલ પર ફોર્મ ભરતી વખતે કોઈપણ પ્રકારની સમસ્યા જણાય કે ક્ષતિ થાય તો admission.info@baou.edu.in ઈ-મેઈલ ID પર Screen-Shot, Mobile No. User name અને Password સાથેનો ઈ-મેઈલ કરવો.
- ઉમેદવારે વ્હોટ્સએપ નંબર અને ઈ-મેઈલ પોતાના જ આપવા.
- પરીણિત બહેનોએ લગ્ન પછીના નામ અંગેજી ગેઝેટની કોપી હોય, તો જ બદલાયેલ નામથી ફોર્મ ભરવું. જો તે ન હોય તો શૈક્ષણિક લાયકાત દર્શાવતી માર્કશીટમાં દર્શાવેલ નામથી જ ફોર્મ ભરવું.
  Note: એકવાર પ્રવેશ ફોર્મ સબમીટ કર્યા બાદ આ વિગતો બદલી શકાશે નહિ, તેથી ધ્યાનપૂર્વક વિગતો ભરીને ફાઈનલ સબમિટ કરશો.

## બિડાણ કરવાના પ્રમાણપત્રો

૧. શાળા છોડ્યાનું પ્રમાણપત્ર (સ્કૂલ લીવીંગ સર્ટિ.)

૨. સ્નાતક ડિગ્રીની માર્કશીટ તથા પદવી પ્રમાણપત્ર બીડવા જરૂરી છે. **(B.A./B.Com./B.Sc./B.E.)**

(સ્નાતક/અનુસ્નાતક કક્ષાએ લઘુત્તમ ૫૦% ગુણ હોવા જરૂરી છે)

૩. અનુસ્નાતક ડિગ્રીની માર્કશીટ તથા પદવી પ્રમાણપત્ર બીડવા જરૂરી છે. **(M.A./M.Com./M.Sc./M.E.)**

૪. **NCTE** માન્ય શૈક્ષણિક સંસ્થામાંથી **Face to Face Mode**નાં અભ્યાસક્રમની માર્કશીટ તથા કોડ નંબર સાથેનું પ્રમાણપત્ર **(PTC, D.Ed., D.El.Ed., C.P.Ed., B.P.Ed.** વગેરે)

૫. કુલ અનુભવના પ્રમાણપત્રો (આજ સુધી નોકરી કરેલ દરેક શાળાના અનુભવના પ્રમાણપત્રો જોડવા ફરજિયાત છે)

૬. હાલ નોકરીમાં કાર્યરત છો તેનું પ્રમાણપત્ર (તા.૦૧/૧૧/૨૦૨૪ પછીનું)

૭. જાતિનું પ્રમાણપત્ર **(EWS/SC/ST/SEBC** ક્રિમીલીયર તા.૩૧/૦૩/૨૦૨૪ પછીની તારીખનું) પ્રવેશાર્થીએ **SEBC**નું ક્રિમીલેયર ત્રણ વર્ષની સમયમર્યાદાવાળું જોડેલું હોય તો તેવા પ્રવેશાર્થીએ પોતાની આવકનું ફોર્મ-૧૬/પગાર સ્લીપ જોડવી આવશ્યક છે.

૮. દિવ્યાંગ(વિકલાંગ) હોવા અંગેનું માન્ય પ્રમાણપત્ર **(PH)** (વિકલાંગતા અંગેનું સિવિલ સર્જનનું પ્રમાણપત્ર)

૯. આધારકાર્ડની નકલ.

- પ્રિન્ટ કરેલ પ્રવેશ ફોર્મની સાથે ઉપર જણાવેલ તમામ ડોકયુમેન્ટસની **(Self-attested)** સ્વયં પ્રમાણિત કરેલ કોપીનું બીડાણ કરી તા.૨૬/૧૨/૨૦૨૪ સુધીમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ સ્વખર્ચે રૂબરૂ યુનિવર્સિટીના રિસેપ્શન કાઉન્ટર પર ઈનવર્ડ કરાવવાનું રહેશે અથવા નીચે આપેલ સરનામે, રજીસ્ટર્ડ પોસ્ટથી નિયત સમય મર્યાદામાં પહોંચે તે રીતે ફરજિયાત મોકલવાનું રહેશે. અનુભવનું પ્રમાણપત્ર (સક્ષમ અધિકારીશ્રી/શાળાના કાર્યરત પ્રિન્સિપાલ અને શાળામા પ્રિન્સિપાલ તરીકે ફરજ બજાવતા હોય તો તેઓએ અનુભવના પ્રમાણપત્ર પર ઉપલા અધિકારીની કાઉન્ટર સહી સાથે) મોકલવું.

- **Note:** જે ઉમેદવારના પોતાના સર્ટીફિકેટ અન્ય કચેરીએ જમા લીધેલ હોય તો તેવા ઉમેદવારે તે અંગેની પહોંચની પ્રમાણિત નકલ જોડવી.
  પ્રવેશ, પરીક્ષા અને અન્ય સૂચનાઓ માટે નિયમિત રીતે યુનિવર્સિટી વેબસાઈટ **www.baou.edu.in** જોવા વિનંતી.
  સરનામું :

**Admission Department**
**Dr. Babasaheb Ambedkar Open University**
**'Jyotirmay' Parisar,**
**Sarkhej-Gandhinagar Highway,**
**Chharodi, Ahmedabad- 382481**

# 2.4 બી.એડ્. અભ્યાસકેન્દ્રો

| Sr.No. | Center Code | District | Center Name & Address |
|---|---|---|---|
| 1. | 0780101 | Ahmedabad | Smt. M.N.K. Dalal Education College for Women,<br>Nr. Ellisbridge, B/H. V.S. Hospital, Ellisbridge,<br>Ahmedabad-380006<br>Email ID - baou.0780101@baou.edu.in |
| 2. | 0780104 | Ahmedabad | Sheth C.N. College Of Education<br>C.N. Vidhyavihar Campus, Dr.Vikrambhai Sarabhai Marg,<br>Ambavadi, Ahmedabad - 380006<br>Email Id - baou.0780104@baou.edu.in<br>hvadhel@ymail.com |
| 3. | 0780301 | Kutch | S.D.Shethia College of Education,<br>Opp Kudarati Upchar Kendra, Mundra, Kutch - 370421<br>Email ID - baou.0780301@baou.edu.in |
| 4. | 0780401 | Anand | Smt. S. I. Patel Ipcowala College Of Education,<br>Dantali Road, Petlad, Anand - 388450<br>Email ID - baou.0780401@baou.edu.in |
| 5. | 0780601 | Jamnagar | D.G.Shikshan Mahavidhyalaya, Aliyabada,<br>Jamnagar - 361110<br>Email Id -.baou.0780601@baou.edu.in |
| 6. | 0781302 | Mahesana | Revaba Sarvajanik Education College,Near Arvind Bag,<br>Mahesana-384001<br>Email ID - baou.0781302@baou.edu.in |
| 7. | 0781402 | Rajkot | Shree H.N.Shukla College Of Teacher Education,<br>Shree H.N.Shukla College Campus, B/h. Marketing Yard,<br>Near Lalpari Lake, Amargadh ( Bhichri), Rajkot<br>Email ID - baou.0781402@baou.edu.in |
| 8. | 0781801 | Surat | V.T.Choksi College Of Education, Lal Bunglow,<br>Athwa line, Surat - 385007<br>Email ID - baou.0781801@baou.edu.in |
| 9. | 0782001 | Surendranagar | Shri C. H. Shah Maitri Vidyapeeth, Mahila College<br>education, Manav Mandir, Surendranagar - 363002<br>Email ID - baou.0782001@baou.edu.in |
| 10. | 0782402 | Patan | L.N.K. College Of Educaton,<br>College campus, Rajmahal Road, Patan<br>Dist- Patan 384265<br>Email ID - baou.0782402@baou.edu.in |

# બી.એડ્. સ્પેશ્યલ એજ્યુકેશન (ODL)

## ભારતીય પુનર્વાસ પરિષદ (RCI) દ્વારા માન્યતા પ્રાપ્ત બી.એડ્. (સ્પેશ્યલ એજ્યુકેશન)

**સ્પેશ્યલ એજ્યુકેશન :**

*માનસિકક્ષતિ, દ્રષ્ટિક્ષતિ, શ્રવણક્ષતિ ધરાવતા પ્રવેશાર્થીઓના શિક્ષક બનવા માટેનો શિક્ષણનો અભ્યાસક્રમ.*

**પ્રવેશ યોગ્યતા :**

*કોઈપણ માન્ય યુનિવર્સિટીમાંથી સાયન્સ, કોમર્સ અને આર્ટ્સ વિદ્યાશાખામાં લઘુત્તમ 50% ગુણ અને ઈજનેરી / તકનિકી વિદ્યાશાખામાં મુખ્ય વિષય ગણિત, વિજ્ઞાન વિષયમાં 55% ગુણ સાથે સ્નાતક/અનુસ્નાતક થયેલ હોવા જોઈએ. (SC/ST અને દિવ્યાંગ પ્રવેશાર્થીઓને પ્રવેશ મેળવવા 5% ગુણની છૂટછાટ)*

**અભ્યાસક્રમની ફી :** ૩૦,૦૦૦/-

**માધ્યમ :** ગુજરાતી

**અભ્યાસક્રમના કુલ સત્રો-5 (અઢી વર્ષ)**

**પ્રવેશ પદ્ધતિ :**

*પ્રવેશ માટે પ્રવેશાર્થીએ 100 ગુણની પરીક્ષા આપવી ફરજિયાત છે. પ્રવેશ પરીક્ષાના ગુણ ઉપરાંત નીચે દર્શાવેલ વિશેષ ગુણભારને ધ્યાનમાં લઈ મેરિટ નક્કી કરવામાં આવશે.*

(૧) *દિવ્યાંગ પ્રવેશાર્થીના માતા-પિતા-10 માર્ક્સ*

(૨)દિવ્યાંગ વ્યક્તિ-10 માર્ક્સ

(૩) RCI માન્ય કોઈ એક લાયકાત ધરાવનાર-10 માર્ક્સ

*** પ્રવેશ જાહેરાત અલગથી પ્રકાશિત થાય છે ***

## શિક્ષણ વિદ્યાશાખા (School of Education)

(૧) પીએચ.ડી. એજ્યુકેશન (Ph.D. Education & Spl. Education )

(૨) બી.એડ્. સ્પે. એજ્યુકેશન (B.Ed. Spl. Education)




DR. BABASAHEB AMBEDKAR

# OPEN UNIVERSITY

(Established by Government of Gujarat)

'JYOTIRMAY' Parisar
Dr. Babasaheb Ambedkar Open University Marg,
Sarkhej- Gandhinagar Highway,
Chharodi, Ahmedabad,
Gujarat, Bharat, 382 481

Phone
079 29796223, 24, 25
02717 297170

E-mail
Info@baou.edu.in

Toll Free No.
1800 233 1020

**www.baou.edu.in**